For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### બોમ્બની ધમકી ભર્યા મેલનો સિલસિલો યથાવત

# દિવાળીપુરા કોર્ટ બોંબથી ઉડાવી ધમકી મળતા અફરાતફરી, પરિસરમાં સઘન ચેકિંગ

**કર્મચારીઓ** તેમજ અરજદારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા





(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા ડિસ્ટ્રિક્ટ કોર્ટ દિવાળીપુરાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. સમાચાર મળતા જ પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કોર્ટમાંથી વકીલોને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલ બહાર વકીલોના ટોળેટોળા જામ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તપાસ હાથધરી હતી. જોકે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી.

વડોદરા શહેરમાં બોમ્બથી ઉડાવવાની ધમકીઓનો માહોલ યથાવત રહેતા સ્કૂલો બાદ મંગળવારે દિવાળીપુરા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા કોર્ટ પરિસરમાં અફરાતફરી મચી હતી. માહિતી મળતા જ પોલીસ તંત્ર દ્વારા કોર્ટ બિલ્ડિંગને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું અને ત્યાં હાજર વકીલો, કર્મચારીઓ તેમજ અરજદારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ધમકીની જાણ થતા જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા કોર્ટ પરિસર, ખૂણે ખૂણે તેમજ પાર્કિંગ વિસ્તારમાં સઘન ચકાસણી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ધમકી કઈ રીતે અને ક્યાંથી મળી તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

જોકે, સતત મળતી ધમકીઓના પગલે શહેરમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સતર્ક બનાવવામાં આવી છે. ડીસીપી ઝોન 2 મંજીતા વણઝારાએ નિવેદનમાં જણાવ્યું હતું કે, ગઈકાલના શાળાઓના મેલ અને આજનો આ મેલ એક જ સોર્સમાંથી આવ્યા છે કે અન્ય કોઈ જગ્યાએથી, તેની તપાસ અત્યારે સાયબર એક્સપર્ટ્સની ટીમ કરી રહી છે. મુખ્ય વાત એ છે કે અત્યારે હાલ કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. પોલીસ દ્વારા સમગ્ર પરિસરનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

#### અગાઉ મળેલી ધમકી કરતા કોર્ટને મળેલી થ્રેટનું કન્ટેન્ટ અલગ છે

અત્યાર સુધી સ્કૂલોમાં મળેલી ધમકી કરતા કોર્ટના રજિસ્ટ્રાના મેલ પર મેળેલા બોમ્બની ધમકીના મેઇલનો કન્ટેન્ટ અલગ છે. મેલમાં લખ્યું છે કે તમિલનાડુ કોર્ટના કોઇ રિપરકેશનના રિએક્શન એટલે કે ચુકાદાના પગલે આ સમગ્ર કોર્ટને ઉડાવી દેવામાં આવશે. આ મેસેજ મળતા જ પોલીસની વિવિધ ટીમો એક્ટિવ થઇ ગઇ હતી. ગઈકાલના શાળાઓના મેઇલ અને આજનો આ મેઇલ એક જ સોર્સમાંથી આવ્યા છે કે અન્ય કોઈ જગ્યાએથી સાઇબર ક્રાઇમ દ્વારા તપાસ કરાઇ રહી છે.

#### કોઇ પ્રકારના ડર વિના પરીક્ષા આપવા આહવાન

બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે પો.કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા તમામ શહેરીજનો તથા વિદ્યાથીઓને કોઇ પ્રકારને પેનિક થવાની જરૂર નથી. સંપૂર્ણ સ્થિતિ પર કાબૂ મેળવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ પણ સંપૂર્ણ તૈયારી કરીને કોઇ ડર વિના પરીક્ષા આપવા પોલીસ વિભાગે અપીલ કરી છે. જે અલગ અલગ મેલ મળ્યાં છે તેમના આઇડી એડ્રેસની ઉંડાણપૂર્વક તપાસ કરાઇ રહી છે. વિવિધ એજન્સીઓની પણમદદ લેવાઇ રહી છે.

## બ્રાઈટ સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીનો મેલ સ્કૂલના જ પાંચમાં ધોરણના વિદ્યાર્થીએ કર્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાની સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ઈ-મેઈલ ધમકી મામલે પોલીસે મોટો ખુલાસો કર્યો છે. કારેલીબાગ વિસ્તારમાં આવેલી બ્રાઈટ સ્કૂલમાં મોકલવામાં આવેલા ધમકી ભરેલા ઈ-મેઈલ પાછળ સ્કૂલનો જ પાંચમાં ધોરણમાં ભણતો વિધાર્થી સંડોવાયેલો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે વિધાર્થિએ પરીક્ષાઓ રદ કરાવવા અને ભયનું વાતાવરણ ઉભું કરવાના ઉદ્દેશથી ઈ-મેઈલ મોકલ્યો હતી. સ્કૂલ સંચાલનને ધમકી મળ્યા બાદ તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે બોમ્બ સ્ક્વોડ અને અન્ય એજન્સીઓ દ્વારા સ્કૂલ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે વિદ્યાર્થીઓને રજા આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસ દ્વારા ટેક્નિકલ એનાલિસિસ કરવામાં આવતા ઈ-મેઈલ સ્કૂલના જ એક વિદ્યાર્થી દ્વારા મોકલવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે વિધાર્થિ અને તેના વાલીઓને બોલાવી સમગ્ર ઘટનાની સમજૂતી આપી હતી. કમિશનર નરસિંહા કોમારે સ્પષ્ટ જણાવ્યું છે કે આવા પ્રકારની ખોટી ધમકી આપનાર કોઈપણ વ્યક્તિ કે વિદ્યાર્થી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ ઘટનાને પગલે વાલીઓ અને શાળા સંચાલકોમાં ચિંતા ફેલાઈ હતી, જોકે પોલીસના ખુલાસા બાદ સ્થિતિ સામાન્ય બની છે.

#### ટીવીમાંથી સમાચાર જોઇને મેલ કર્યો હોવાની બાળકની કબૂલાત

અમિતનગર પાસે આવેલી બ્રાઇટ સ્કૂલમાં મંગળવારે સાંજના સમયે ધમકી મળી હતી પરંતુ આ મેલમાં અગાઉમળેલા ધમકી ભર્યા મેલ કરતા કન્ટેન્ટ સદંતર અલગ હતું. જેથી પોલીસ મેલ આઇડીની તપાસ કરી હતી ત્યારે કરી હતી ત્યારે બાપોદ વિસ્તારનું હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસ દ્વારા આઇડી મેલ થયો હતો તેના બાળક તથા તેના માતા પિતાને બોલાવ્યાં હતાઅને બાળક કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારે બાળકે પણ સમાચાર જોઇને પોતાની શાળામા રજા મળે માટે પ્રેંક કરતો મેલ કર્યો હોવાનું જણાવ્યું હોવાનુ પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

#### ટીવી જોઇને વિદ્યાર્થીઓ સહિતના લોકોને બોમ્બની ધમકીનો પ્રેંક નહી કરવા અપીલ

સતત બે દિવસથી બોમ્બથી શાળાઓને ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. ત્યારે તેને લઇને વિદ્યાર્થીઓ શાળાઓમાં રજા આપી દેવામાં આવી રહી છે. ત્યારે કેટલાક ટીખળખોર વિદ્યાર્થીઓ પોતાના શાળામાં પણ રજા મળે તેના માટે આવી કોઇ રજા મેળવવા માટે હરકત તે કાવતરુ ના કરે તેના માટે તમામ શાળાઓના સંચાલકો તથા તેમના વાલીઓ સાથે પોલીસ દ્વારા સતત મીટિંગ કરીને સમજણ આપવામાં આવી રહી છે.

### પ્રથમવાર પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓમાં ઉત્સાહ

# સીબીએસઈ ધો.10-12ની પરીક્ષાનો પ્રારંભ મેથ્સના પેપરે વિદ્યાર્થીઓને મૂંઝવણમાં મૂક્યા

**નવી** એજ્યુકેશન પોલીસી પ્રમાણે વિદ્યાર્થીઓને તેમના માર્ક્સ સુધારવા માટે બે તક અપાશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં સ્કૂલો અને કોર્ટમાં મળેલી બોમ્બની ધમકીભર્યા માહોલ વચ્ચે આજથી સીબીએસઈ ધોરણ 10 અને 12 ની પરીક્ષાનો પ્રારંભ થયો છે પ્રથમ દિવસે વાલીઓ પોતાના બાળકોને પરીક્ષા કેન્દ્રો પર લેવા મુકવા આવતા ભારે ભીડ જોવા મળી હતી. જોકે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલ વચ્ચે પરીક્ષા આપી હતી. પ્રથમ પેપર પૂર્વ તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે સરળ જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ માટે અઘરું રહ્યું હતું.

સીબીએસસીની ધોરણ 10 અને 12ની પરીક્ષા શરૂ થઈ છે. ધોરણ 10-12 ની બોર્ડ પરીક્ષાના આગલા દિવસે જ વિદ્યાર્થીઓને અપાયેલી સૂચના પ્રમાણે ઘરેથી ગુગલ મેપથી સેન્ટર સુધી વિદ્યાર્થીઓ પહોંચ્યા હતા. બીજી તરફ પાલિકાની કામગીરીને પગલે જે અડધો કલાકે પહોંચાતું હતું. ત્યાં એક કલાક વહેલા નીકળવા સુતા અપાય હતી. જેથી સવારે 10:00 વાગે શરૂ થવાની પરીક્ષામાં સાડા આઠ વાગ્યાથી પ્રવેશ આપવાની શરૂઆત કરી દેવાય હતી. સીબીએસઈની ધોરણ 10 ની પરીક્ષા 11 માર્ચ સુધી ચાલશે. જ્યારે ધોરણ 12 ની પરીક્ષા આગામી 10 એપ્રિલ સુધી ચાલશે વડોદરા શહેરના 12 જેટલા સેન્ટરો ઉપર આ પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં આશરે 16 હજાર જેટલા વિદ્યાર્થીઓ સીબીએસઈ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. પ્રથમ દિવસે ધોરણ 10 નું ગણિતનું પેપર હતું. જેમાં કેટલાક અઘરા પ્રશ્નો પૂછવામાં આવતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા. જો કે, જે વિદ્યાર્થીઓએ પૂર્વ તૈયારીઓ કરી હતી, તેવા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. અને સારા માર્ક્સે પાસ થવાની આશા પણ વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીની મિસરી ભટ્ટે જણાવ્યું હતું કે, એક્સનું પેપર હતું. ઘણું સારું ગયું છે. એમ જોવા જઈએ તો પેપર સરળ હતું. દરરોજ હું પાંચ થી છ કલાક જેટલું વાંચન કરું છું. આગળ મારે ભણીને ફાર્મસીમાં જવું છે. ઋત્વા ઉપાધ્યાયે જણાવ્યું હતું કે તૈયારી ઘણી કરી હતી જેથી પેપર ખૂબ જ સારું ગયું છે. 10 થી 12 કલાકનો અભ્યાસ કરું છું. પ્રશ્નો એમસીક્યુ ન હતા. ઓલમોસ્ટ બધા ટેક્સ બુકમાંથી જ હતા. આગળના પેપરની પણ ખૂબ તૈયારી કરી છે. નોંધનીય છે કે, આ વખતે નવી એજ્યુકેશન પોલીસી પ્રમાણે સીબીએસઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના માર્ક્સ સુધારવા માટે બે તક આપવામાં આવશે. આજથી શરૂ થતી ધોરણ 10 અને 12 ની પરીક્ષા પૂર્ણ થયા બાદ તેનું પરિણામ જાહેર થયા પછી બીજી વખત પરીક્ષા લેવામાં આવશે. બેમાંથી જે પરીક્ષામાં વિદ્યાર્થીના વધારે માર્ક હશે તે માર્ક્સ ગણાશે.

#### ઓવર ઓલ પેપર એવરેજ હતું

પરીક્ષાની શરૂઆત થઈ ગઈ છે જેમાં આજે મેથ્સ (મેથેમેટિક્સ)નું પેપર હતું. જેમાં થોડાં પ્રશ્નો સહેલાં તથા થોડાં પ્રશ્નો વિદ્યાર્થીઓને અઘરા લાગ્યા હતા, પણ જે વિદ્યાર્થીઓએ આખા વર્ષ દરમ્યાન સારી તૈયારી કરી હશે એ વિદ્યાર્થીઓ ને આ પેપર સેહલુ લાગ્યું છે. ઓવર ઓલ પેપર એવરેજ હતું.

- **નિરવ જોષી,** એજ્યુકેશન એક્સપર્ટ

#### પેપરમાં અમુક સેટ લેંધી અને થોડા હાર્ડ હતા

આજનું પેપર એકંદરે અમુક સેટ લેંધી હતા અમુક થોડા હાર્ડ હતા. એટલે સરળ પેપર ન હતું. મોડ્રેડ લેવલનું અને તેનાથી પણ અમુક સેટ હાર્ડ હતા. પરંતુ વિદ્યાર્થીઓને જણાવેલું હોય છે અને કહીશ કે જે વિદ્યાર્થીઓ ધો.૭માં છે કે તમારે ખાલી એનસીઆરટી પર આધારિત નથી રહેવાનું, સીબીએસઈમાં ક્યારેય પણ બેઠું એનસીઆરટી માંથી પેપર નથી આવતું, તમારે એક્ઝામ્પલર કરવી પડે, એનસીઆરટી આખી પતાવવી પડે. શાંતિથી આગળના પેપરની તૈયારી કરો તો તમારું પરિણામ સરસ જ આવશે.

- **સંદીપ પાઠક,**એજ્યુકેશન એક્સપર્ટ

#### વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાની ભાવના જાગે એવા પ્રશ્નો પૂછાયા હતા

ઉદ્યોગસાહસિકતાનું પેપર ફિલગુડ હતું. ઓલમોસ્ટ બધા જ યુનિટ કવર થઈ ગયા હતા સંતુલિત પેપર ગણાય એવું હતું જે છોકરાઓએ તૈયારી થોડી ઘણી પણ કરી હોય એમની માટે આ પેપર ખૂબ જ સહેલું જણાવ્યું છે. વિદ્યાર્થીઓના પણ રીવ્યુ લેતા માલુમ પડ્યું છે કે એમને આ પેપર સહેલું લાગ્યું છે. પેપરમાં ખાસ કેસ બેઝડ પેપર હતું. ઘણા બધા કેસ એમાં પુછાયા હતા. પ્રેક્ટિકલ જે પ્રોબ્લેમ્સ હોય છે અને જે પ્રેક્ટિકલ ઈશ્યુ છે એવા બધા ઈશ્યુને પણ પેપરમાં સંબોધ્યું છે. અને છોકરાઓમાં સાહસ ઉદ્યોગસાહસિકતાની ભાવના જાગે એવા પ્રશ્નો હતા. છોકરાઓને આગળ જઈને આ ફિલ્ડમાં આગળ વધવાની પણ પ્રેરણા મળી શકે છે.

- **પ્રો.પ્રોફેસર પદ્મા સેદાની,**એજ્યુકેશન એક્સપર્ટ

### કોઇ પ્રકારની વેપારીના મકાનની રિનોવેશનની લોન નહી કરાવી આપી

# વારસીયાના વેપારીના ડોક્યુમેન્ટ્સના આધારે બેંકમાંથી રૂ.30 લાખની લોન લઈ ઠગાઈ

**એસબીઆઇના** મેનેજર સહિતની ચાર આરોપીઓ સામે છેતરપિંડીનો ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી સુખમણી સોસાયટીમાં રહેતા હરેશકુમાર નાનકદાસ રૂપાણી કરીયાણાની દુકાન ચલાવે છે. તેમને લોનની જરૂરિયાત હોય ત્યારે નરેન્દ્ર સાવંતને વાત કરી હતી. ત્યારે થોડા દિવસો પછી નરેન્દ્ર સાવંત વેપારી તથા તેમના પુત્ર સુમિતને રસુલાબાદ એસબીઆઈમાં લઈ ગયો હતો. ત્યાં બેંક મેનેજર કૃણાલ પરીખ સાથે મુલાકાત કરાવી હતી. વેપારીએ તેમના ઘરના ડોક્યુમેન્ટ બતાવ્યા હતા. નરેન્દ્ર સાવતના કહેવાથી તરત જ સુમિતનુ સેવિંગ ખાતું ખોલાવ્યું હતું. ત્યારે તમને રૂપિયા 20 લાખની લોન મળશે તેમ કહ્યું હતું. ત્યારબાદ લોનના કાગળોમાં વેપારી પિતા પુત્રની સહીઓ કરાવી હતી. નરેન્દ્ર સાવતે ત્રણ કોરા સાદા કાગળોમાં વેપાર એકલાની સહીઓ કરાવી હતી. કોરા કાગળોની સહીઓ બાબતે નરેન્દ્ર સાવંતને પુછતા તેણે તમારા ઘરનું રીનોવેશન થશે ત્યારે તમને લખીને આપીશુ. ચેક ક નરેન્દ્ર સાવંતે તેની પાસે રાખી હતા.બાદમાં બેન્ક મેનેજરે લોન પાસ થઈ જશે અને લોન તમારા સેવીંગ ખાતામાં જમા થશે. જેથી વેપારીએ લોન બાબતે ધક્કા રસુલાબાદ શાખામાં ખાધા હતા. બેંક મેનેજર કુણાલ પરીખ તેમને યોગ્ય જવાબ આપતા ન હતા.

તમારા રીનોવેશનની લોન મંજુર થઈ નથી મેનેજર કુણાલ પરીખ સાથે સબંધ હોય સયાજીગંજ શાખામાં 10 લાખની મુદ્રા લોન કરાવી આપુ તેવી વાત કરતા વેપારીએ હા પાડી હતી. સયાજીગંજ શાખા ખાતે જઈને બેન્ક મેનેજર કુણાલ પરીખને મળી લોનના કાગળોમાં સહીઓ કરી હતી ત્યારે રૂપિયા 10 લાખની લોન મળશે તેવું તેઓએ જણાવ્યું હતું. પરંતુ નરેન્દ્ર દિનકરરાય સાવંતે રસુલાબાદ એસબીઆઈના મેનેજર કુણાલ પરીખા સાથે સાથે સાંઠગાંઠ રચીને તેમના નામના ખોટા દસ્તાવેજ બનાવી તેના પર રૂપિયા 20 લાખની (રીનોવેશન લોન) અને રૂપિયા 10 લાખની (કેશ ક્રેડિટ/મુદ્રા લોન) મળીને રૂપિયા 30 લાખની લોનનું સેટિંગ કરી નાખ્યું હતું. ઉપરાંત મંજૂર થયેલી લોનની રકમ પણ બેન્ક ખાતામાંથી બારોબાર ઊપાડી વેપારી સાથે છેતરપીડી આચરી હતી. જેથી વેપારીએ નરેન્દ્ર દિનકરાય સાવંત, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બેંક મેનેજર કુણાલ પરીખ, અનિલ સિર્કે તથા ઠક્કર નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### યુવકને ઓફિસમાં બંધક બનાવી ઢોર માર માર્યો, વિડીયો થયો વાયરલ

# ખાનગી યુનિ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ મેસેજ કરીને યુવતીને ડીનર પર બોલાવી

**ભાઈ** સહિત 3 શખ્સે તાલીબાની સજા આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી ઓફિસમાં વેલેન્ટાઇન ડેના રોજ વાઘોડિયાની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ યુવતીને પ્લાનિંગ કરી ડિનર પર બોલાવ્યો હતો. પરંતુ ઓફિસમાં બંધક બનાવીને યુવતીના ભાઈ સહિતના લોકોએ ભેગા મળીને યુવકને જાણે તાલીબાની સજા આપી હોય તે રીતના ઢોર માર મારતો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે આ માર મારનાર 2 યુવક સામે અટકાયતી ભરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા જિલ્લાની ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા યુવકને શહેરની એક યુવતી સાથે મિત્રતા થઈ હતી. પછી તેઓ મોબાઈલ પર મેસેજથી વાતો કરતા હતા અને બંને વચ્ચે પ્રેમ થયો હતો. વેલેન્ટાઈન ડેના રોજ યુવકે તેની ગર્લફ્રેન્ડને મેસેજ કરીને ડિનર માટે બોલાવી હતી. જેની જાણ યુવતીના ભાઈને થઈ ગઈ હતી. યુવતીનો ભાઇ અને યુવક બંને સારા મિત્રો છે. જેથી યુવતીના ભાઈએ યુવકને અકોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક કોમ્પ્લેક્ષની ઓફિસમાં બોલાવ્યો હતો અને ત્યાં યુવતી પણ હાજર હતી. યુવતીના ભાઈ સહિત ચાર થી પાંચ લોકોએ યુવકને તાલિબાની સજા આપતા હોય એમ ઢોર માર માર્યો હતો. યુવતીએ પણ યુવકને લાફા ઝિંક્યા હતા અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો અને આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાં અકોટા પોલીસ એક્શનમાં આવી હતી અને ફરિયાદી અને યુવકને માર મારનાર બે યુવકને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા. જ્યાં બદનામીના ડરથી યુવકે પોલીસ ફરિયાદ કરવાની ના પાડી દીધી હતી. જેથી પોલીસે 2 આરોપી સામે અટકાયતી પગલા ભરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા જિલ્લામાં SIR પૂર્ણ: 34,890 નવા મતદારો, 4.69 લાખ નામ રદ

**સઘન** ચકાસણી બાદ મુસદ્દા યાદીમાં મતદારોનો આંકડો 21,85,205 રહ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જિલ્લામાં ભારતના ચૂંટણી પંચની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (Special Intensive Revision - SIR) પૂર્ણ થતાં આજે તા. 17/02/2026 (મંગળવાર) ના રોજ આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી. ઝુંબેશ પહેલાં જિલ્લામાં કુલ 26,89,117 મતદારો નોંધાયેલા હતા. સઘન ચકાસણી બાદ મુસદ્દા મતદાર યાદીમાં આ આંકડો 21,85,205 રહ્યો. ત્યારબાદ ફોર્મ-6, 7 અને 8ની પ્રક્રિયા પૂર્ણ થતાં 34,890 નવા મતદારો ઉમેરાયા અને આખરી મતદાર યાદીમાં કુલ 22,20,095 મતદારોનો સમાવેશ થયો. આ પ્રક્રિયામાં કુલ 4,69,022 નામો રદ થયા હોવાનું જિલ્લા વહીવટી તંત્રે જણાવ્યું હતું.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત કુલ 12 રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ઝુંબેશ તા. 04/11/2025થી શરૂ કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં આ ઝુંબેશના વિવિધ તબક્કાઓ દરમ્યાન ઘરઘર ચકાસણી, દસ્તાવેજોની તપાસ, દાવો-વાંધા નિવારણ સહિતની કામગીરી કરવામાં આવી હતી. અંતિમ તબક્કામાં આજે આખરી મતદાર યાદીની જાહેર પ્રસિદ્ધિ કરવામાં આવી.

SIRને સફળ બનાવવા માટે જોડાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, વિવિધ વિભાગો/સંસ્થાઓના કર્મચારીઓ, કોલેજ-યુનિવર્સિટીના વિદ્યાર્થી સ્વયંસેવકો, પ્રેસ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાનો જિલ્લા વહીવટી તંત્રે આભાર વ્યક્ત કર્યો છે.

### બીસીએ તરફથી જસ્ટિસ સમક્ષ લાંબી દલીલો ચાલતા કોર્ટનો સમય સમાપ્ત

# BCAની ચૂંટણીના પરિણામ પર ફરી બ્રેક વાગી : આજે વધુ સુનાવણી

**મતદાન** કરનારા સભ્યો અને બંને પેનલોના ઉમેદવારો-ટેકેદારોની હાઈકોર્ટ પર નજર



(પ્રતિનિધિ) વડોદરા,તા.17

બરોડા ક્રિકેટ એસોસિએશનની રસાકસી ભરી ચૂંટણી પૂર્ણ થયા બાદ પરિણામ પર બ્રેક વાગી હતી. મંગળવારે હાઈકોર્ટમાં એસોસિએશન તરફથી જસ્ટિસ નિરલ મહેતા સમક્ષ લાંબી દલીલો થઈ હતી. જેમાં લાંબી ચાલેલી આ દલીલ પ્રક્રિયામાં કોર્ટનો સમય સમાપ્ત થતા હાલ પરિણામ બાબતે સસ્પેન્સ યથાવત રહેવા પામ્યું હતું. ત્યારે, હવે પરિણામ મુદ્દે વધુ સુનાવણી બુધવારે કરવામાં આવશે.

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણી પર સસ્પેન્સ યથાવત જોવા મળી રહ્યું છે. બીસીએની કમાન કોના હાથમાં જશે તે હાઈકોર્ટના દ્વારે અટવાઈ છે. હાઈકોર્ટમાં મંગળવારે હાથધરવામાં આવેલી સુનાવણી દરમિયાન બંને પક્ષકારો વચ્ચે ભારે રકઝક અને દલીલો જોવા મળી હતી. સુનાવણી દરમિયાન સત્તાધારી પક્ષ અને વિરોધી પક્ષના વકીલો દ્વારા વિવિધ મુદ્દાઓ પર ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયા અને મતોની ગણતરીને લઈને ઉભા થયેલા વિવાદને કારણે પરિણામ જાહેર કરવા પર હાલ રોક જેવી સ્થિતિ છે. જસ્ટિસે બંને પક્ષોને સાંભળ્યા બાદ અંતિમ ફેંસલો આવતીકાલ બુધવાર પર મુલતવી રાખ્યો હતો. બીસીએના વહીવટમાં કોણ બેસશે અને કોના ફાળે સત્તા જશે. જેનું સ્પષ્ટ ચિત્ર આજે બુધવારે ચુકાદા બાદ સાફ થશે. ક્રિકેટ પ્રેમીઓ અને સભાસદોની નજર હાઈકોર્ટ દ્વારા આપવામાં આવનારા ઐતિહાસિક ચુકાદા પર ટકેલી છે.

# સવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે પારો 34.4 ડિગ્રી પર સ્થિર

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં ફરી એકવાર હવામાનમાં પલ્ટો જોવા મળ્યો હતો. સવારે વાદળ છાયું વાતાવરણ રહ્યું હતું. મંગળવારે મહત્તમ 34.4 ડીગ્રી અને લઘુત્તમ 20.2 ડીગ્રી તાપમાન નોંધાયું હતું. જેના કારણે ગરમી અનુભવાઈ હતી.

વડોદરા શહેરમાં પવનોની દિશા બદલાતાં ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે આગામી ત્રણ દિવસ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય. તે પછી 2-3 ડિગ્રી પારો વધવાની સંભાવના છે. વડોદરામાં ઉત્તર-પૂર્વ, પશ્ચિમ અને હવે દક્ષિણના પવનો ફૂંકાઈ રહ્યા છે. મંગળવારે પારો 34 ડિગ્રીને પાર થઈ ગયો હતો. જેને કારણે બપોરે ગરમી અનુભવાઈ હતી. જોકે હાલ મોડી રાતે આંશિક ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. મંગળવારે મહત્તમ પારો 34.4 ડિગ્રી અને લઘુતમ પારો 20.2 ડિગ્રી નોંધાયો હતો. સવારે હવામાં ભેજનું પ્રમાણ 58 ટકા અને સાંજે 31 ટકા નોંધાયું હતું. હાલ, આ વર્ષે ઠંડીની વિદાય સાથે જ ઉનાળાએ વહેલી દસ્તક આપી દીધી છે. ફેબ્રુઆરી મહિનો અડધો પૂરો થાય તે પહેલા જ રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો આસમાનને આંબી રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં આકરી ગરમી પડવાની ચેતવણી આપી છે. આ વધતું તાપમાન માત્ર અકળાવનારું જ નહીં, પરંતુ આરોગ્ય માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. નિષ્ણાંતોના મતે ફેબ્રુઆરીના અંત સુધીમાં તાપમાનનો પારો સીધો 41 ડિગ્રી સુધી પહોંચી શકે છે. ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહમાં જ લોકોને કાળઝાળ ગરમીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. માર્ચ અને એપ્રિલ મહિનામાં પણ ગરમીનું મોજું યથાવત રહેવાની શક્યતા હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

### સ્ટાફ અને સભ્યોને નવી ટેકનોલોજીની ખાસ તાલીમ અપાશે

# જિ.પંચાયતમાં કરોડોના ખર્ચે ફાયર સેફ્ટીની કામગીરી શરૂ, પણ NOC હજુ અધ્ધરતાલ

**આધુનિક** ફાયર સિસ્ટમની કામગીરી શરૂ; માત્ર સાધનો નહીં પણ માનવબળને પણ સજ્જ કરી સુરક્ષા કવચ મજબૂત કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જિલ્લા પંચાયત કચેરીની સુરક્ષામાં વધારો કરવા માટે તંત્ર દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પંચાયત ભવનમાં વર્ષો જૂની અને બિનઅસરકારક બનેલી ફાયર સિસ્ટમને હટાવીને તેના સ્થાને 1 કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવાની કામગીરી તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયત ભવનમાં હાલની ફાયર સિસ્ટમ સમય જતાં જર્જરિત થઈ ગઈ હતી, જેને પગલે કોઈ મોટી દુર્ઘટના સમયે તે કાર્યરત રહે તે સામે પ્રશ્નાર્થ હતો. આ બાબતને ગંભીરતાથી લઈને તંત્રએ સમગ્ર બિલ્ડિંગમાં નવી લાઈન, સ્પ્રિંકલર્સ, સ્મોક ડિટેક્ટર અને હાઈ-પ્રેશર વોટર ગન જેવી સુવિધાઓ સાથેની સિસ્ટમ અપગ્રેડ કરવાનું આયોજન કર્યું છે. આ પ્રોજેક્ટ પાછળ 1 કરોડથી વધુનો અંદાજિત ખર્ચ કરવામાં આવશે.

માત્ર ટેકનોલોજી લગાવવાથી સુરક્ષા સુનિશ્ચિત થતી નથી, તે વાતને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયતના તમામ કર્મચારીઓ, અધિકારીઓ અને ચૂંટાયેલા સભ્યો માટે ખાસ ફાયર સેફ્ટી ટ્રેનિંગ સત્રોનું આયોજન કરવામાં આવશે. જેમાં આગ લાગે ત્યારે બચાવ કામગીરી કેવી રીતે કરવી. ફાયર એક્સટિંગ્વિશર નો ઉપયોગ કેવી રીતે કરવો.

ઈમરજન્સી એક્ઝિટ પ્લાનનો અમલ કેવી રીતે કરવો તેની સમજ આપવામાં આવશે.

એક તરફ ભવનમાં નવી સિસ્ટમ નાખવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે બીજી તરફ એવી માહિતી મળી રહી છે કે આ કામગીરી માટેની જરૂરી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાની પ્રક્રિયા હજુ પણ વહીવટી સ્તરે બાકી છે. નિયમ મુજબ કોઈપણ સરકારી કે ખાનગી બિલ્ડિંગમાં ફાયર સિસ્ટમ કાર્યરત થયા બાદ ફાયર વિભાગ દ્વારા તેની ચકાસણી કરીને NOC આપવામાં આવે છે, જે પ્રક્રિયા હાલ પાઈપલાઈનમાં હોવાનું જાણવા મળ્યું છે.